# ઉનાળો :-

શિયાળા પછી ઉનાળો આવે છે. ઉનાળામાં દિવસો લાંબા અને રાત ટૂંકી હોય છે. ઉનાળામાં સખત ગરમી પડે છે. ગરમીથી રાહત મેળવવા લોકો સફેદ સુતરાઉ કપડાં પહેરે છે. ઉનાળાનો બપોર ઘણો આકરો હોય છે. રસ્તા પર લોકોની અવરજવર ઓછી થઈ જાય છે. લોકો પંખા કે એરકન્ડિશનર ચાલુ કરી ઘરમાં આરામ કરે છે. અને ઠંડાં પીણાં પીએ છે. પંખીઓ માળામાં ભરાઈ રહે છે. પશુઓ ઝાડની છાયામાં આરામ કરે છે. ઉનાળામાં કેટલાક લોકો હવા ખાવાના સ્થળે ફરવા જાય છે. શાળાઓમાં પણ વેકેશન હોય છે.

ઉનાળામાં કેરી ખાવાની મજા આવે છે.

# દુકાળ :-

ચોમાસામાં વરસાદ પડે છે. કોઈ વાર ચોમાસામાં વરસાદ બહુ ઓછો પડે છે કે બિલકુલ પડતો નથી. આથી અનાજ પાકતું નથી. ઘાસ ઊગતું નથી. તેને 'દુકાળ' કહેવાય.

દુકાળમાં કૂવા અને તળાવનું પાણી ઊંડું જાય છે. નદી અને નાળાં સુકાઈ જાય છે. પીવાના પાણીની તંગી પડે છે. પાણી વિના પશુપંખીઓ ટળવળે છે. અનાજ પાકતું નથી. એટલે ખેડૂતો પાયમાલ થઈ જાય છે. અનાજના ભાવો વધે છે. પશુઓને ચારા માટે ઘાસ મળતું નથી. માલધારીઓ પશુઓને લઈને હિજરત કરે છે.